### બ્રહ્મચર્યની નિષ્ઠા અને તપોધર્મની તેજસ્વિતા ધારણ કરનારા નવયુગ – પ્રવર્તક, શાસ્ત્રવિશારદ

# પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી ( કાશીવાળા ) મહારાજ

પ્રાકૃતિક દૃશ્યોથી નયનરમ્ય મહુવા નગરીમાં 'શ્યામવચ્છ' જેવા પવિત્ર ખાનદાન કુળમાં રામચંદ્ર શેઠ અને કમળા શેઠાણી ઉદાર, સરળ, શીયળસંપન્ન અને જૈનધર્મના રંગે રંગાયેલાં રહેતાં. સત્ચરિત કુટુંબોમાં ચારિત્રશીલ સંતાનો જન્મે છે અને સ્વ–પરના કલ્યાણમય કાર્યો કરીને જગતને ઊર્ધ્વગામી બનાવે છે. આવા એક પુણ્યશાળી દંપતીને ત્યાં પૂજ્યશ્રીનો જન્મ થયો હતો. જન્મનામ મૂળચંદ હતું. બાળપણથી ધર્મ પ્રત્યે વિશેષ રુચિ ધરાવતા મૂળચંદને શાળાના શિક્ષણમાં બહુ રસ પડ્યો નહીં, એટલે પિતાએ દુકાને બેસાડી દીધા. વેપાર–ધંધો કરતાં કરતાં મૂળચંદ સટ્ટાને રવાડે ચડી ગયા. એમાં એક વાર મોટી ખોટ ખાધી. પિતાએ ઠપકો આપ્યો. આ આઘાતથી મૂળચંદની વૈરાગ્યવૃત્તિ જાગી ઊઠી. તે ભાવનગર આવ્યા. ત્યાં પૂ. શ્રી વૃદ્ધિવિજયજી મહારાજના વ્યાખ્યાન શ્રવણનો અવસર પ્રાપ્ત થયો. મૂળચંદ મુનિવર્યશ્રીની વાણીથી અત્યંત પ્રભાવિત થયા. તેણે દીક્ષા લેવાનો અટલ નિર્ધાર કર્યો. પૂ. શ્રી વૃદ્ધિવિજયજી મહારાજ પાસે દીક્ષા લઈ મુનિ ધર્મવિજયજી બન્યા.

સંસારી જીવનની તડકી–છાંયડીમાંથી મુક્ત થયેલાં પૂજ્યશ્રીએ સંયમજીવન સ્વીકારીને નિશ્ચય કર્યો કે ગુરુદેવનાં ચરણોની સેવા કર્યા વિના સૂવું નહીં; પઠનપાઠન અને દીક્ષાપાલનમાં નિરુદ્યમી અને નિરુત્સાહી થવું નહીં; અસંયમનાં સ્થાનો ઉપસ્થિત કરવાં નહીં; ટૂંકી દૃષ્ટિને સ્થાને જૈનશાસનને વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાની પ્રવૃત્તિઓ ચલાવવી. આવા નિષ્ઠાવાન નિર્ણયોથી તેઓ બહુ જ ટૂંકા ગાળામાં ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, કોષ ઉપરાંત આગમના અઠંગ અભ્યાસી બની રહ્યા. સમાજમાં દીર્ઘદૃષ્ટિ ધરાવતા દિગ્ગજ પંડિતો તૈયાર કરવાને ઇરાદે, અત્યંત પરિશ્રમ વેઠીને, કેટલાક વિદ્યાર્થીઓ અને મુનિરાજોને સાથે લઈ જઈને બનારસ ( કાશી )માં પુણ્યપવિત્ર 'શ્રી યશોવિજયજી મહારાજ'ના નામે સંસ્કૃત પાઠશાળા સ્થાપી. આ પાઠશાળામાં સર્વ પ્રકારનો વ્યવસ્થિત અભ્યાસ આરંભાયો. તદુપરાંત, પૂજ્યશ્રીના અથાક પ્રયત્નોથી વ્યાકરણ, કાવ્ય, ન્યાય, કોષ આદિ ગ્રંથો અને વિશેષાવશ્યક જેવા આગમિક ગ્રંથોનું પ્રકાશન થયું. આ ગ્રંથો વિના મૂલ્યે ભારતમાં અને પાશ્ચાત્ય દેશોમાં મોકલવામાં આવ્યા. આમ, તેઓશ્રીના વરદ્ હસ્તે જૈનશાસનની અભૂતપૂર્વ સેવા થઈ, એટલું જ નહિ; પણ પૂજ્યશ્રીએ પ્રગટ કરેલાં આ ગ્રંથોનાં વિવરણોએ પણ સાહિત્યક્ષેત્રે અદ્ભુત પ્રભાવ પાથર્યો. દા. ત. ન્યાયના ગ્રંથો શાંકરભાષ્યના ભક્તોએ જોયા ત્યારે ખબર પડી કે મહાવીરસ્વામીનો સ્યાદ્વાદ સંશયવાદાત્મક નથી, પણ નિર્ણયાત્મક સત્ય છે. પારસ્પરિક ક્લેશો અને મિથ્યા વાગ્યુદ્ધો સમાવવા માટે સર્વથા સક્ષમ છે. તે જ પ્રમાણે, આગમિક ગ્રંથોને જોયા પછી પંડિતોને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની મર્યાદાનો ખ્યાલ આવ્યો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી શાસ્ત્રોની ચર્ચા–વિચારણા, વાદ–વિવાદ અને નૂતન અર્થઘટનો કરવામાં પારંગત હતા. પરિણામે, તેઓશ્રી સામે કોઈ વિરોધ ટકી શકતો નહીં. અંગ્રેજ રાજ્યમાં ગોરાઓ ચામડાના બૂટ પહેરીને આબુના જૈન મંદિરોમાં જતા. એ બાબત ડૉ. થોમસના માધ્યમથી લંડનની પાર્લામેન્ટ સાથે પત્રવ્યવહાર કરીને પૂજ્યશ્રીએ આ દુર્વર્તન બંધ કરાવ્યું હતું. આ પ્રસંગો તેમની તેજસ્વી પ્રતિભાના સાક્ષી બની રહ્યા છે.

વ્યક્તિત્વ સો ટચનું સોનું બન્યા વગર વક્તૃત્વમાં પ્રભાવકતા, હિમકામિકા અને મધુરતા આવતા નથી. પૂ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના વ્યક્તિત્વમાં પણ ગુરુદેવના આશીર્વાદ હતા; બ્રહ્મચર્યધર્મની નિષ્ઠા હતી; ઉઘાડાં પુસ્તક જેવું સર્વથા નિર્દંભ જીવન હતું. જગડુ શાહના અન્નભંડારોની જેમ પૂજ્યશ્રીનાં જીવન–કવન પણ અન્ય જીવો માટે ખુલ્લાં હતાં. આંખોમાં સમતારસ હતો. કાન અન્યનાં દુઃખદર્દ સાંભળવાં તત્પર હતાં. ચરણ ગમે તે સ્થળે અને સમયે ધર્મોપદેશ કરવા માટે સદા તૈયાર રહેતાં. વેદ–વેદાંત–ઉપનિષદ્–ભગવદ્ગીતા–મહાભારત આદિ ગ્રંથોમાંથી શ્લોકો ટાંકતા જઈ વ્યાખ્યાન આપતા. આચાર્યશ્રીની દલીલો શ્રોતાવર્ગને બહુ સરળતાથી સમજાઈ જતી. આવા વક્તવ્ય–કૌશલ્યને લીધે તેઓશ્રી માંસાહાર-વિરોધી ચળવળને સફળ બનાવી શક્યા હતા. કીડાઓના સંહારથી બનતાં રેશમનાં વસ્ત્રોનો ત્યાગ કરી, શુદ્ધ ખાદી પરિધાન કરવાનો પ્રચાર કર્યો. પૂજ્યશ્રીના આ અભિયાનોએ જૈનશાસનમાં નવી હવાનો સંચાર કર્યો.

દીક્ષાપર્યાય દરમિયાન સીમિત પ્રદેશોમાં જ વિહાર કરીને પૂજ્યશ્રી અટક્યા નહોતા; પરંતુ બંગાળ, બિહાર, આસામ, ઓરિસા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મારવાડ, ખાનદેશ, વિદર્ભ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર આદિ પ્રાન્તોમાં વિહાર કરીને જૈનધર્મ પ્રત્યેના વિધર્મીઓના અજ્ઞાન–ગેરસમજને દૂર કર્યાં હતાં. એવા એ અહિંસા, સંયમ અને તપોધર્મના આચારક અને પ્રચારક પૂજ્યશ્રીએ સં. ૨૦૩૩ના ભાદરવા સુદ ૧૪ ને દિવસે શિવપુરી મુકામે દેહ છોડ્યો, ત્યારે ગામેગામના શ્રાવકો શોકમગ્ન બની ગયા હતા. પૂજ્યશ્રી પાછળ અગણિત ગુણાનુવાદ સભાઓ થઈ હતી. આજે પણ તેઓશ્રીના શિષ્ય–પ્રશિષ્ય સમુદાય દ્વારા શાસનના નૂતન અભિગમોનો પ્રચાર–પ્રસાર થતો રહે છે.

( સંકલન : પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ ‘ કુમારશ્રમણ ’ના લેખને આધારે સાભાર. )




Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org